Item NO: 47.24

# આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

ડૉ.એમ.એન.બ્રહ્મભટ્ટ
કુલસચિવ

ફોન/ફેક્સ : (૦૨૬૯૨)-૨૬૧૩૧૦
Visit us : www.aau.in E-mail:registrar@aau.in

જા.નં.આકૃયુ/રજી/એડીએમ.૨.૧/ ૩૬૦૪-૯૨ /૨૦૧૮ તા. ૧૧/૫/૨૦૧૮

પ્રતિ,
સંયુક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.),
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના ખેતીવાડી મદદનીશ સંવર્ગના કર્મચારીઓને સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ગ્રામ સેવક સમકક્ષ ગણવા બાબત.

સંદર્ભ :- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ના અધ્યક્ષસ્થાને તા.૭-૨-૨૦૧૮ના રોજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર ખાતે યોજેલ બેઠકની તા.૩-૩૨૦૧૮ની કાર્યવાહી નોંધ.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના ખેતી મદદનીશ વર્ગ-૩ના કર્મચારીઓના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં સુધારો કરવા બાબતે બેઠક અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ના અધ્યક્ષ સ્થાને તા.૭-૨-૨૦૧૮ના રોજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી. સદર બેઠકની કાર્યવાહી નોંધમાં જણાવ્યાનુસાર આ બાબત આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૧૦-૪-૨૦૧૮ના રોજ મળેલ ૪૭મી બેઠકમાં મુદ્દા નં.૪૭.૨૪થી રજૂ કરવામાં આવેલ હતી, જેમાં ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતાં ખેતીવાડી મદદનીશોને સરકારશ્રીના ગ્રામ સેવકોને સમકક્ષ ગણવા અને તે મુજબના ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા માટેની દરખાસ્ત સરકારશ્રીમાં કરવાની નિયામક મંડળ ભલામણ કરે છે."**

આ સાથે નિયામક મંડળના ઠરાવની નકલ સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તો રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના ખેતી મદદનીશ વર્ગ-૩ના કર્મચારીઓને સરકારશ્રીના ગ્રામ સેવક સમકક્ષ ગણવા અંગે ઘટતી કાર્યવાહી સરકારશ્રી કક્ષાએ હાથ ધરવા વિનંતી છે.

કુલસચિવ

સામેલ : ઉપર મુજબ.

મદદનીશ કુલસચિવ (એકેડેમીક)
આ.કૃ.યુ., આણંદ
ઈનવર્ડ નંબર : 929
તારીખ : ૨૧/૭/૨૦૧૮



E:\A.2.1\LETTER\GOVT. LETTER.doc

નકલ સવિનય રવાના :

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

૨. અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. સેકશન અધિકારીશ્રી (ક.ર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પોડીયમ લેવલ, કૃષિ ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.

૬. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

૭. પ્રમુખશ્રી, ખેતી અધિકારી/ખેતી નિરીક્ષક(પ્ર.) અને ખેતી મદદનીશ સંવર્ગના તાંત્રિક કર્મચારીઓનું મંડળ, ચારેય કૃષિ યુનિવર્સિટી, C/o. સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીની કચેરી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી, તા.મહેમદાવાદ, જી.ખેડા તરફ તા.૨૪/૪/૨૦૧૮ના પત્ર અન્વયે જાણ સારૂં.

૮. આ વિભાગની એકેડેમીક શાખા તરફ પત્ર જા.નં.આકૃયુ/રજી/એકે(મીટીંગ)/(૧૨૨)/૨૧૩૯-૨૧૫૦/ ૨૦૧૮, તા.૨૫/૪/૨૦૧૮ અન્વયે જાણ સારૂં..

ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND-388 110

**Minutes of the 47th Meeting of the Board of Management held on 10-04-2018, Tuesday at 11.30 hrs at the State Agricultural Universities Council, Krushi Bhavan, Podium Level, Sector-10/A, Gandhinagar**

**Following members were present**

| | | | |
|---|---|---|---|
| 1. | Dr. N. C. Patel | Hon'ble Vice Chancellor, Anand Agricultural University, Anand | Chairman |
| 2. | Shri B. M. Modi | Director of Agriculture, Sector-10/A, Krushi Bhavan, Gujarat State, Gandhinagar | Member |
| 3. | Dr. A. J. Kachhiapatel | Director of Animal Husbandry, Sector-10/A, Krushi Bhavan, Gujarat State, Gandhinagar | Member |
| 4. | Dr. P. M. Vaghasiya | Director of Horticulture Sector 10/A, Krushi Bhavan, Gujarat State, Gandhinagar | Member |
| 5. | Dr. K. P. Patel | Principal & Dean (Agriculture), B. A. College of Agriculture, Anand Agricultural University, Anand | Member |
| 6. | Dr. K. B. Kathiria | Director of Research & Dean, Post Graduate Studies, Anand Agricultural University, Anand | Member |
| 7. | Dr. A. M. Shekh | Former Vice Chancellor, Anand, Ta. & Dist. Anand | Member |
| 8. | Dr. B. T. Patel | Former Director of Extension Education, Ghatlodia, Ahmedabad | Member |
| 9. | Shri P. M. Modi | Representative of Chief Engineer (Policy and Planning), Block No.B/14, Nava Sachivalaya, Gujarat State, Gandhinagar | Invitee |
| 10. | Dr. M. N. Brahmbhatt | Registrar, Anand Agricultural University, Anand | Member Secretary |

**Following members could not remain present and their leave of absence was granted:**

| | | | |
|---|---|---|---|
| 1. | Shri Sanjay Prasad (I.A.S.) | Additional Chief Secretary, Department of Agriculture Co-operation & Farmer Welfare, Sachivalaya, Gujarat State, Gandhinagar | Member |
| 2. | Shri Ashoksinh T. Parmar | Deputy Secretary (Higher Education), Department of Education, Sachivalaya, Gujarat State, Gandhinagar | Member |
| 3. | Shri Milind Torvane (I.A.S.) | Secretary (Expenditure), Department of Finance, Sachivalaya, Gujarat State, Gandhinagar | Member |
| 4. | Dr. Kanchan K. Singh | Assistant Director General (Farm Engg.), Indian Council of Agricultural Research, Pusa, New Delhi | Member |



mbhatt

Item No. 47.22 **"Shri Natwarbhai Bababhai Patel Gold Plated Silver Medal" સ્નાતક કક્ષાએ કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ.,વસોના 'એગ્રોનોમી' વિષયમાં આઠમાં સેમેસ્ટરના અંતે સૌથી વધુ ગુણ GPA મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને એનાયત કરવાના વિનિયમો મંજુર કરવા બાબત.**

આ અંગે ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૪૮મી બેઠકના મુદ્દા નં.૪૮.૭ ની ભલામણ મુજબ **"Shri Natwarbhai Bababhai Patel Gold Plated Silver Medal"** સ્નાતક કક્ષાએ કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., વસોના **'એગ્રોનોમી'** વિષયમાં આઠમાં સેમેસ્ટરના અંતે સૌથી વધુ ગુણ **GPA** મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને એનાયત કરવાના સામેલ **"APPENDIX"** મુજબના વિનિયમો નિયામક મંડળ મંજુર કરે છે."

**(અમલઃ નિયામક, વિદ્યાર્થી કલ્યાણ)**

Item No. 47.23 **આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસના નિયમો મંજુર કરવા બાબત.**

આ અંગે ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાપરિષદની ૪૮મી બેઠકના મુદ્દા નં.૪૮.૮ ની ભલામણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસના નિયમો સામેલ **Appendix** મુજબના નિયમો નિયામક મંડળ મંજુર કરે છે."

**(અમલઃ નિયામક, વિદ્યાર્થી કલ્યાણ)**

Item No. 47.24 **રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના ખેતીવાડી મદદનીશ સંવર્ગના કર્મચારીઓને સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ગ્રામ સેવકોના ધોરણે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવા બાબત.**

આ અંગે ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

"આથી ઠરાવવામાં આવે છે કે, રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતાં ખેતીવાડી મદદનીશોને સરકારશ્રીના ગ્રામસેવકોને સમકક્ષ ગણવા અને તે મુજબના ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા માટેની દરખાસ્ત સરકારશ્રીમાં કરવાની નિયામક મંડળ ભલામણ કરે છે."

**(અમલઃ કુલસચિવ)**

Item No. 47.25 **ડૉ. એન. જે. વિહોલ, મદદનીશ પ્રાધ્યાપક (નિવૃત્ત)ને કરેલ શિક્ષામાં થયેલ અપીલને રીમાન્ડ કરેલ હોઈ નિર્ણય કરવા સારૂં.**

એપેલેટ અધિકારી–વ–સંયુકત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફથી ડૉ. એન. જે. વિહોલને નિયામક મંડળની ૪૪મી બેઠકના મુદ્દા નં.૪૪.૧૬થી કરવામાં આવેલ શિક્ષા અંગેના હૂકમ બાબતે ડૉ. વિહોલ દ્વારા કરવામાં આવેલ અપીલ બાબતે નિયામક મંડળને નિયમોનુસારની પ્રક્રિયા હાથ ધરી તે સંદર્ભે નિયામક મંડળ દ્વારા આગળની કાર્યવાહી કરવા કેસ રીમાન્ડ કરેલ છે તેની વિગતો રજૂ કરી. આ ઉપરાંત ડૉ.વિહોલ તરફથી તા.૦૪.૦૪.૨૦૧૮ના પત્રથી નિયામક મંડળના અધ્યક્ષશ્રીને રજૂઆત કરેલ તે પત્ર ધ્યાને લેવામાં આવ્યો. આ અંગે નિયામક મંડળના સભ્યશ્રીઓ દ્વારા વિસ્તારપૂર્વકની ચર્ચા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

nbshatt